# જિલ્લામાં ૧૩,૭૪૪ નવા મતદારો નોંધાયા

## મતદારયાદી સુધારણા ઝુંબેશ સંપન્ન : ૩૧મી માર્ચ સુધીમાં ડેટા એન્ટ્રી સહિતની કામગીરી સંપન્ન કરાશે : કુલ ૨૭,૬૦૬ અરજીઓ મળી જેમાં ૩૩૭૬ નામ કમી કરવાની અરજીઓ

ગાંધીનગર, તા. ૧૨

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલ મતદારયાદી સુધારણા અભિયાન દરમ્યાન ૧૩,૭૪૪ નવા મતદારોના નામ દાખલ કરવાની અરજીઓ મળી છે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ અભિયાન દરમ્યાન કુલ ૨૭,૬૦૬ અરજીઓ મતદારો દ્વારા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે પંચ દ્વારા આ અભિયાન દરમ્યાન બે વખત ખાસ સઘન અભિયાન પણ યોજવામાં આવ્યા હતા. ગઈકાલે છેલ્લુ સઘન અભિયાન હતુ. આ સાથે આજે મતદાર યાદી સુધારણા ઝુંબેશ આજે સંપન્ન થઈ છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે ૭૩૨૧ (પુ) અને ૬૪૨૩ (મહિલા) મતદારોએ નવા નામ દાખલ કરવા માટેની અરજીઓ આપી છે. આ વખતે ગાંધીનગર (દ) ઉપરાંત માણસા બેઠક પર મતદારોએ નામ નોંધણીમાં ભારે ઉત્સાહ દાખવ્યો છે. ગાંધીનગર (દ)માંથી ૪૩૨૭ અને માણસામાંથી ૨૯૦૫, ગાંધીનગર (ઉ)માંથી ૨૨૯૮, કલોલમાંથી ૨૧૨૧ તેમજ દહેગામમાંથી ૨૦૯૩ અરજીઓ મળી છે.

નામ કમી કરવા માટે ૩૩૭૬ અરજીઓ મળી છે. જેમાં ૧૪૯૫ (પુ) અને ૧૮૮૧ (મહિલા) મતદારોએ તેમના નામ કમી કરવા જણાવ્યુ છે. જ્યારે મતદારયાદી અને કાર્ડમાં સુધારા માટે ૮૭૭૪ અરજીઓ મળી છે. જેમાં સૌથી વધુ અરજીઓ ગાંધીનગર (દ)માંથી ૨૬૫૩ તો દહેગામમાંથી ૨૬૦૦ ગાંધીનગર (ઉ)માંથી સૌથી ઓછી અરજીઓ મળી છે જેનો આંક ૫૬૦ છે.

એક જ વિધાનસભા મતવિસ્તારમાં સ્થળાંતર કરી અન્ય જગ્યાએ રહેવા ગયેલા મતદારોએ પણ સુધારા અરજી કરી છે જેની સંખ્યા ૧૭૧૨ છે. જેમાં સૌથી વધુ ગાંધીનગર (દ)માં ૪૫૨ તો કલોલમાં ૪૩૫, ગાંધીનગર (ઉ)માં ૩૭૭, માણસામાં ૨૪૦ અને દહેગામમાં ૨૦૮ મતદારોનો સમાવેશ થાય છે.

જિલ્લામાં આ મતદારયાદી સુધારણા ઝુંબેશ પૂર્ણ થયા પછી હવે ચકાસણી અને તેની ડેટા એન્ટ્રીની કામગીરી હાથ ધરવામાં આવશે તેમ પંચના સૂત્રોએ જણાવ્યુ છે. આ બધી જ કામગીરી ૩૧ માર્ચ સુધીમાં સંપન્ન કરવાનું આયોજન કરાયુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# એસઓજી પીઆઈએ ફરીયાદીને જ થપ્પડો ઝીંકી દેતા ચકચાર

## ઓફીસમાં ૧૬.૫૦ કરોડની ચીટીંગના આરોપીઓને બેઠેલા જોઈ ફરીયાદી સ્તબ્ધ થઈ ગયા : ફરીયાદી અને પી.આઈ. વચ્ચે બોલાચાલી બાદ થપ્પડો ઝીંકતા ફરીયાદી હોસ્પિટલમાં દાખલ

ગાંધીનગર, તા. ૧૨

દહેગામ પોલીસ સ્ટેશનમાં રૂ. ૧૬.૫૦ કરોડની છેતરપીંડી અંગે ફરીયાદ નોંધાઈ હતી. આ પ્રકરણની તપાસ ગાંધીનગર એસઓજી દ્વારા ચલાવાઈ રહી છે. આજે આ કેસના ફરીયાદી એસઓજીમાં આવ્યા ત્યારે આ કેસના આરોપીઓ એસઓજીની ઓફીસમાં હતા. આરોપીઓની ધરપકડ કેમ કરતા નથી ? આ બાબતે જીભાજોડી થયા બાદ એસઓજી પીઆઈએ ફરીયાદીને થપ્પડો ઝીંકી દેતા ફરીયાદી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ છે. ફરીયાદીની કેફીયત છે કે પીઆઈએ થપ્પડો ઝીંકી દીધી હતી. જ્યારે પીઆઈનું કહેવું છે કે આરોપીઓનું સ્ટેટમેન્ટ લેવાતુ હતુ ત્યારે ફરીયાદી અને તેના માણસો ઓફીસ આવીને સરકારી કામમાં રૂકાવટ ઉભી કરી રહ્યા હતા.



મળતી માહિતી મુજબ આજે સાંજે ગાંધીનગર એસઓજીની કચેરીમાં એક ગુનાના ફરીયાદ અને પીઆઈ વચ્ચે ધમાચકડી થઈ હતી. દહેગામ પોલીસ સ્ટેશનમાં રૂ. ૧૬.૫૦ કરોડની છેતરપીંડીનો ગુનો દાખલ કરાવનાર ફરીયાદી અલ્પેશ અમીન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આ ધમાચકડી બાદ દાખલ છે. તેમના જણાવ્યા મુજબ એક કંપનીએ તેમના ડોક્યુમેન્ટસ લઈને તેનો અન્ય સ્થળે ઉપયોગ કરી રૂ. ૧૬.૫૦ કરોડનું મોર્ગેજ કરી નાંખ્યુ હતુ. આ ગુનો દહેગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો અને તપાસ એસઓજી પીઆઈ પરેશ સોલંકી કરી રહ્યા છે. આ આરોપીઓ નાસતા ફરે છે અને તેમના આગોતરા જામીન પણ નામંજુર થયા છે. આજે કોર્ટમાં આ કેસની મુદત હતી તે પૂર્ણ કરીને એસઓજીની ઓફીસે કેસનું સ્ટેટસ છે ? તે પુછવા ગયા તો આરોપીઓ સાહેબ સાથે બિન્દાસ્ત બેઠેલા હતા. તેમના જણાવ્યા મુજબ આરોપીઓની ધરપકડ કેમ નથી કરતા તે મામલે પુછતા પીઆઈ ઉભા થઈને મારઝુડ કરવા લાગ્યા હતા અને થપ્પડો ઝીંકી દીધી હતી. ચક્કરો આવતા તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા. તો બીજી તરફ પીઆઈ પરેશ સોલંકીના જણાવ્યા મુજબ આરોપીઓનું આજે સ્ટેટમેન્ટ લેવામાં આવી રહ્યું હતું ત્યારે ફરીયાદી આવ્યા અને કહેવા લાગ્યા કે આરોપીઓની ધરપકડ કેમ નથી કરતા ? રાઈટર સાથે જીભાજોડી કરવા લાગ્યા અને બહાર ઉભા ઉભા તેમના માણસ રેકોર્ડીંગ કરવા લાગ્યા હતા અને સરકારી કામકાજમાં અડચણ ઉભી કરી રહ્યા હતા.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પંડિતજી... હુ પર્યાવરણવાદી છું... મારે મહાદેવજીને લઈ જવા છે... હું પાણીનો અભિષેક કરવા કરતાં મહાદેવને નદીમાં સ્નાન કરાવી પરત મૂકી જઈશ...

# ડોર ટુ ડોર કલેક્શન ચાર્જ રદ કરો અને કામગીરીમાં વિલંબ માટે નાગરિકોને રિફંડ આપો : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગર પાલિકામાં સ્થાયી સમિતિ દ્વારા મંજૂર કરી આગામી સામાન્ય સભામાં રજુ થનાર મનપાના ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં મહત્વના સુધારાઓ સૂચવી ડોર ટુ ડોર કલેક્શન ચાર્જ રદ કરવા તેમજ રહેણાંક વિસ્તારમાં જુનો સફાઈવેરો યથાવત રાખવાની માંગ કરવામાં આવી છે.

મનપાના વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા દ્વારા આ દરખાસ્તો આજે મેયર કાર્યાલયને આપી દેવામાં આવી છે.

બિહોલાએ જે સુધારા દરખાસ્તો રજુ કરી છે તેમાં સે. ૧૭માં આવેલ એક્ઝીબીશન સેન્ટરની નજીક રૂ. બે કરોડના ખર્ચે મલ્ટીલેવલ પાર્કિંગની સુવિધા ઉભી કરવા માટે, સેક્ટરોની અંદર સીટી બસો માટે ખાસ બસ સ્ટેન્ડ બનાવવા માટે રૂ. ૨ કરોડની જોગવાઈ કરવા માટે સૂચવ્યુ છે.

બિહોલાએ સંત સરોવરમાં આકસ્મિક આપઘાતના બનાવો બનતા હોવાથી ઝડપી બચાવ કામગીરી માટે ફાયરબ્રિગેડમાં રૂ. ૨૫ લાખના ખર્ચે ખાસ મોટરબોટ વસાવવા, શહેરના વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં મદદરૂપ થઈ શકે તેવી સ્માર્ટ રીડીંગ લાયબ્રેરીઓ બનાવવા માટે રૂ. ૧ કરોડની જોગવાઈ કરવા તેમજ દરેક વોર્ડમાં એક-એક પ્રા. શાળાની પસંદગી કરી સ્માર્ટ પ્રા. શાળા બનાવવા માટે રૂ. ૪ કરોડની જોગવાઈ કરવા માટે સૂચવ્યુ છે.

**મનપાના બજેટમાં ૧૩.૨૫ કરોડના સુધારા સૂચવતી દરખાસ્તો બિહોલા-મકવાણાએ રજુ કરી**

આમ વિપક્ષી નેતાએ જ રૂ. ૯.૨૫ કરોડની સુધારા દરખાસ્તો સૂચવી છે. તો તેમના જ પક્ષના હસમુખભાઈ મકવાણાએ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં કોમ્યુનીટી હોલના નિર્ણય માટે રૂ. ૪ કરોડની જોગવાઈ કરવા માટે સૂચવ્યુ છે.

વિપક્ષી નેતાએ ડોર ટુ ડોર કલેકશન ચાર્જ નાબુદ કરવા સાથે સાથે ડોર ટુ ડોર કલેક્શનની કામગીરીમાં વિલંબ થાય તો નાગરિકોને રીફંડ આપવાની જોગવાઈ કરવા માટે પણ સૂચવ્યુ છે.

કોંગ્રેસ દ્વારા આજે સુધારા દરખાસ્તો રજુ કરી દેવામાં આવી છે હવે ૧૭મીએ મળનારી મનપાની સામાન્ય સભામાં તે પર ચર્ચાઓ થશે.

મનપાની સામાન્ય સભા ૧૭મીએ મળવાની છે ત્યારે બજેટમાં કોંગ્રેસ દ્વારા જે રીતે ડોર ટુ ડોર કલેકશન ચાર્જ રદ કરવા તેમજ કલેકશન કામગીરીમાં વિલંબ થાય તો નાગરિકોને રિફંડ આપવાની વાત કરી ભાજપની નેતાગીરીની અગ્નિ પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો હોય તેવી ચર્ચા જાગી છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા યુવા વિદ્યાર્થીઓ સહિત શહેરમાં વધતા જતા ટ્રાફિક ભારણને લઈ નગરજનોને મુક્તિ અપાવવા માટે ૯.૨૫ કરોડ તથા ગ્રામીણ વિસ્તારોમાં રૂ. ૪ કરોડના ખર્ચે કોમ્યુનીટી હોલ બનાવવાના સુધારા સૂચવી સૌના દિલ જીતવાનો પ્રયાસ કરાયો હોવાની વાતો પાટનગરના રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

# ખેડૂતોને પાક બચાવવા પિયત માટે પાણી આપવા ઉગ્ર માંગ

## વિધાનસભામાં અને સરકારમાં ઉગ્ર રજુઆત કરાશે : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનના પાક માટે પાણી છોડવાની માંગને લઈ ખેડૂતો આક્રમક મૂડમાં આવી ગયા છે.

આજે કલોલ તાલુકાના નારદીપુર અને આસપાસના ગામોના ખેડૂતો આ મુદ્દે જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, ઉપપ્રમુખ ભરત પટેલ, ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા સહિતના આગેવાનોને મળી ઉગ્ર રજુઆત કરી હતી.

જાન્યુઆરી માસમાં ખેડૂતોને પણ પિયત માટે પુરતા પ્રમાણમાં પાણી અપાશેની વાતો કરતી સરકાર છેલ્લા તબક્કામાં ખેતીને પિયતની તાતી જરૂરિયાત છે ત્યારે સરકાર જે રીતે ખેડૂતોની માંગને લઈ મુખ ફેરવી રહી છે તેથી ખેડૂતોમાં નારાજગીનો માહોલ જોવા મળી રહ્યો છે.

પાક માટે સત્વરે પાણી છોડવાની માંગ કરતા આ ખેડૂતોએ જણાવ્યું છે કે મહામૂલો પાક બચાવવો એ અત્યંત જરૂરી છે. સરકાર દ્વારા પાણીને લઈ જળસંકટની વાતો કરવામાં આવે છે પણ નાયબ મુખ્યમંત્રીએ જાન્યુઆરી માસમાં જ સરકારની રચના પછી કરેલી જાહેરાતનું શું ?

તેમણે જણાવ્યુ હતુ કે ઉદ્યોગોને અપાતા પાણીમાં કાપ નથી મુકાયો અને ખેતીક્ષેત્ર માટે કાપ મુકી સરકાર શું સાબિત કરવા માંગે છે તે સમજાતુ નથી. જો એકાદ સપ્તાહમાં આ પાક માટે પાણી નહિ અપાય તો મહામૂલો પાક નાશ પામશે અને ખેડૂતોની હાલત દયનીય બની જશે જેની સીધી જવાબદારી સરકારની રહેશે.

સરકારમાં યોગ્ય રજુઆત કરવાની આ નેતાઓએ ખાત્રી આપી હતી. આ માટે આગામી દિવસોમાં કોંગ્રેસ દ્વારા વિધાનસભામાં પણ ઉગ્ર રજુઆત કરવામાં આવશે તેમ કોંગીના સભ્યો ડૉ. સી.જે. ચાવડા અને બળદેવજી ઠાકોર તેમજ સુરેશભાઈ પટેલે જણાવ્યું છે.



**શહેરમાં પુનઃ ઠંડીનું જોર**

ફેબ્રુઆરીનો મધ્યભાગ આવી ગયો હોવા છતાં હજુ ઠંડી ઘટવાનુ નામ લેતી નથી. લઘુત્તમ તાપમાન ૧૦-૧૨ ડિગ્રીની આસપાસ રહેતા રાત્રે વસાહતીઓ ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. ઠંડીની ઋતુ છેલ્લા તબક્કામાં હોવા છતાં હજુ ઠંડીનું જોર યથાવત રહ્યુ છે. દિવસ દરમ્યાન ખુબ તડકો પડે છે પરંતુ રાત્રે લઘુત્તમ તાપમાન ઘટી જતુ હોવાથી ઠંડી અનુભવાય છે. ખાસ કરીને દ્વિચક્રી વાહન પર બહાર નીકળો ત્યારે ઠંડીનો અનુભવ વધુ થાય છે. ઘરના બારી-બારણાં સાંજ પડતા જ બંધ કરી દેવા પડે છે. છેક સવાર સુધી ખુબ ઠંડી લાગે છે. જમ્મુ-કાશ્મીર અને ઉત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં પુનઃ વાતાવરણ પલ્ટાયુ છે. કેટલાક સ્થળોએ બરફવર્ષા પણ થઈ છે. જેના કારણે ઠંડી વધશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

# શાળા-આરોગ્ય ચકાસણીની ૬૪ ટકા કામગીરી સંપન્ન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં શાળા-આરોગ્ય ચકાસણી ઝુંબેશની કામગીરી ૬૪ ટકા પૂર્ણ થઈ છે. અત્યાર સુધીમાં હૃદયની બિમારી ધરાવતા ૩૫, કિડનીની બિમારી ધરાવતા ૭, કેન્સરની બિમારી ધરાવતા ૨ અને અન્ય રોગોની બિમારી ધરાવતા ૧૪ બાળકો મળી આવ્યા છે.

તંત્ર દ્વારા અતિ મહત્વાકાંક્ષી આ પ્રોજેક્ટમાં ૩ લાખ ૧૧ હજાર ૮૪૩ બાળકો ચકાસવાના હતા જે પૈકી ૨,૦૬,૬૧૦ બાળકોની ચકાસણી પુરી કરી દેવામાં આવી છે જે લક્ષ્યાંકના ૬૪ ટકા જેટલી થાય છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તંત્રના અધિકારીઓ દ્વારા ચકાસવામાં આવેલ બાળકો પૈકી ૧૪,૨૦૩ બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી છે જ્યારે ૮૮૮ બાળકોને સંદર્ભ સેવા માટે જિલ્લાકક્ષાએ રિફર કરવામાં આવેલ છે.

આ વખતે ચકાસણી દરમ્યાન દાંત રોગ, ચામડીના અને નાક, કાન-ગળાની મુશ્કેલી ધરાવતા બાળકો પણ મળી આવ્યા છે અને તેમને સંદર્ભસેવા માટે રિફર કરવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

**હૃદયની બિમારી ધરાવતા ૩૫, કિડનીની બિમારી ધરાવતા ૭, કેન્સરના ૨ અને ૧૪ અન્ય રોગોથી પિડાતા બાળકો મળી આવ્યા છે : ૧૪,૨૦૩ બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી છે**

મળતી વિગતો પ્રમાણે જે બાળકો સંદર્ભ સેવા માટે રિફર કરવામાં આવ્યા છે તે પૈકી ૧૪૫ બાળકોને બાળરોગના નિષ્ણાતો દ્વારા ચકાસી અને સારવાર આરંભી દેવામાં આવી છે. આ ઉપરાંત આંખ રોગના ૬૪ તેમજ દંતરોગના ૨૭૧, ચામડીના રોગના ૨૫, નાક-કાન-ગળાના ૫૧ તેમજ અન્ય રોગના ૧૩ જેટલા બાળકોની ચકાસણી નિષ્ણાતો દ્વારા પુરી કરી અને તેમની સારવાર આરંભી દેવામાં આવી છે.

આ માસના અંત સુધી આ ચકાસણી ઝુંબેશ ચાલવાની છે. જે રીતે હૃદય, કિડની, કેન્સરથી પિડાતા બાળકો મળી આવ્યા છે તેમની સારવાર માટે જિલ્લાતંત્ર દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે એટલુ જ નહિ પણ તેમની સારવાર પણ આરંભી દેવામાં આવી છે. આ બાળકોની સારવારનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવી રહી છે.

૧૯૯૫થી આ કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. આ વખતે રાજયમાં વિધાનસભાની ચૂંટણીઓ હોવાથી કાર્યક્રમ મોડો શરૂ થયો છે અને તે આ માસના અંત સુધી ચાલશે. છેલ્લા સાત સપ્તાહથી આ કાર્યક્રમ તંત્ર દ્વારા ટીમો બનાવી હાથ ધરવામાં આવ્યો છે.

## દેવકરણના મુવાડા ખાતે ૧૬મીએ આયુર્વેદનો નિઃશુલ્ક મેગા આરોગ્ય કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨


ગાંધીનગર જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા ૧૬મી ફેબ્રુઆરીના રોજ દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ખાતે નિઃશુલ્ક આયુર્વેદ અને હોમીયોપેથી નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આયુર્વેદ અધિકારીની અખબારી યાદીમાં જણાવાયા મુજબ આ મેગા કેમ્પમાં અગ્નિકર્મ, જાલંધર બંધથી દાંત પાડવા, મધુમેહ, મેદસ્વીપણુ, વંધ્યત્વ નિવારણ, કિડની સહિતના રોગોની તજજ્ઞો દ્વારા નિઃશુલ્ક સેવા આપવામાં આવશે.

આયુર્વેદ અધિકારીએ જણાવ્યુ હતુ કે ગ્રામીણ વિસ્તારના દર્દીઓને આયુર્વેદ અને હોમીયોપેથીની સારવાર ઝડપથી ઉપલબ્ધ બને તે હેતુથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં પ્રકૃતિ પરીક્ષણ પણ કરવામાં આવશે.

# પોણા છ લાખની સ્કોલરશીપ જીતવા આઈઆઈટીના ૧૨ વિદ્યાર્થીઓએ દિવસ રાત એક કર્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની આઈઆઈટી ખાતે ૧૨ વિદ્યાર્થીઓ ઊર્જા બચાવો, વૈશ્વિક પ્રવાસનને બહેતર બનાવવુ તથા સમુદ્રમાંથી પ્રાપ્ત સિગ્નલ પ્રતિભાવોને ઓળખી લઈ રહ્યાં છે. અમેરિકન સમય મુજબ પ્રારંભથી અંત સુધી સળંગ ૯૬ કલાક કાર્ય કરીને વિદ્યાર્થીઓએ ત્રણસમસ્યાના શ્રેષ્ઠ ઉકેલ શોધવાના છે જેમાં ઉર્જાનું સંરક્ષણ કરવુ, વૈશ્વિક



પ્રવાસન તથા સંબંધોને વધુ સારા બનાવવા તથા સમુદ્રિ તરંગોના પ્રતિભાવોને ઓળખવા જેવા ટાસ્કનો સમાવેશ થાય છે. સમજવા વગેરે ત્રણ બાબતો અંગે ઉકેલ શોધવાની દિશામાં કાર્યરત બન્યાં છે. આ માટે તેઓ છેલ્લાં ૭૬ કલાકથી દિવસ-રાત જોયા વગર કાર્યરત બન્યાં છે અને કુલ ૯૬ કલાક સુધી કાર્યરત રહેશે.

અમેરિકાની કોન્સોર્ટિયમ ઓફ મેથેમેટિક્સ એન્ડ ઈટ્સ એપ્લિકેશન્સ-કોમેપ્સ દ્વારા એક સળંગ ૯૬ કલાકની ઓનલાઈન ચેલેન્જ આયોજિત કરવામાં આવી છે. જેમાં વિશ્વભરમાંથી ૮ હજાર જેટલાં વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યાં છે. આ ઓનલાઈન ચેલેન્જ જીતનાર વિદ્યાર્થીને ૯ હજાર ડૉલર એટલે કે આશરે પોણા છ લાખ રૂપિયાની સ્કોલરશીપ પ્રાપ્ત થશે. અને તે જે સંસ્થામાંથી હશે તેને પણ એક હજાર ડૉલર પ્રાપ્ત થશે. આ ચેલેન્જને જીતવા ગાંધીનગરની આઈઆઈટી સંસ્થાના ૧૨ વિદ્યાર્થીઓ દિવસ રાત એક કરી રહ્યા છે.

# શહેરમાં કોળી સમાજની જનઅધિકાર મહારેલી યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતના રાજકારણમાં જાતિવાદનું સમીકરણ ભારે હાવી થઈ ગયું છે. ત્યારે કોળી સમાજના પાંચ ચુટાયેલા લોક પ્રતિનિધીઓને કેબીનેટમાં મંત્રીપદ આપવા સરકારને અલ્ટીમેટમ આપ્યું હતું. કોળી સમાજ દ્વારા આપવામાં આવેલા અલ્ટીમેટમને દોઢ મહિનાનો સમય માંગ્યો હતો. જે પૂર્ણ થતા કોળી સમાજ દ્વારા ગામે ગામ તા.૧૯ ફેબ્રુઆરીને સોમવારના રોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે શકિત પ્રદર્શનના આયોજન માટે તડામાર તૈયારીઓ શરુ થઈ ગઈ છે.

ગુજરાતમાં કોળી સમાજના ૬૨ લાખથી વધુ મતદાર ભાઈ બહેનો છે. જેને અનુલક્ષી ૪૦ થી વધુ ધારાસભ્યો કોળી સમાજના હોવા જોઈએ. પરંતુ રાજકીય પક્ષો દ્વારા કોળી સમાજને મેન્ડેટ આપેલા નથી તેથી હાલ કોળી સમાજના માત્ર ૯ પ્રતિનિધી છે. જેમાંથી કોળી સમાજના એકપણ પ્રતિનિધીને કેબીનેટમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. ત્યારે બીજીબાજુ એક જ જ્ઞાતિના ૫ કેબીનેટ મંત્રી અને રાજયકક્ષાના દસ રાજયમંત્રી છે. જે સ્પષ્ટ જાતિવાદ દેખાઈ રહ્યો છે આ જાતિવાદ નાબુદ કરીને જે જ્ઞાતિઓના ધારાસભ્યો રાજયના મંત્રી મંડળ અને જાહેર સેવાના બોર્ડ નિગમ અને સરકારી પદો ઉપર નિમવામાં આવે અને સમરસ સરકારની રચના કરવામાં આવે તેવી દરખાસ્તને કોળી સમાજે ટેકો આપ્યો છે. એક ધારાસભ્ય મત વિસ્તારમાં સરેરાશ અઢીલાખ મતદારો હોય છે. જેમાં ગઢવી,સોની, લોહાણા, મોચી, વાળંદ, દરજી, લુહાર, પ્રજાપતિ, ખારવા જેવી અનેક જ્ઞાતિઓના મતદારોની સંખ્યા અઢીલાખથી વધુ છે. તે તમામ સમાજને યોગ્ય પ્રતિનિધીત્વ મળવુ જોઈએ, ત્યારે અન્ય જ્ઞાતિઓના ધારાસભ્યોને એક પણ મહત્વના ખાતા ફાળવાયા નથી. કોળી સમાજના ૬૨ લાખ મતદારો જાહેરમાં આવેદનપત્ર આપીને રજુઆત કરી એ છીએ કે રાજયમાં કોળી સમાજનો યોગ્ય ન્યાય આપવામાં નહી આવે તો શાસક પક્ષ અને સંગઠનોમાંથી કોળી સમાજના પ્રતિનિધીઓ એક સાથે રાજીનામા આપશે તેવું જલ્પાબેન કોળી (રાજકોટ)એ એક અખબારી યાદીમાં જણાવ્યું છે. ત્યારે આગામી તા.૧૯ ના રોજ શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે હજજારોની સંખ્યામાં રાજયભરમાંથી કોળી સમાજના ભાઈ બહેનો હાજર રહેશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ